305

FOR, OM INFRASTRUCTURE

PARTNER

"તનીષ્ક–૨૧''
વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા, સબ–ડીસ્ટ્રીકટ કડી, તાલુકો કડી મોજે કડી–કસ્બાનાં **સર્વે નં. : ૨૫૭** (જુનો સર્વે નં. ૨૫૭, ૨૫૮/૧, ૨૫૯/૧ પૈકી) **ની ૧૫૬૫૬.૫૦** સમચોરસમીટર પૈકી પશ્ચિમ દિશા તરફની ૩૫૧૬ સમચોરસમીટર બાદ કરતાં બાકી રહેતી ૧૨૧૪૦.૫૦ સમચોરસમીટર બિનખેતીની જમીન ઉપર આવેલ **"તનીષ્ક ૨૧''** નામની સ્કીમમાં બાંધવામાં આવેલ ફેઝ –૨ ના બ્લોક "**……**" ના .... માળ ઉપર આવેલ ફલેટ નંબર : .... વાળી મિલકતનો **રૂા. ..../– (અંકે રૂપીયા .... પુરા)** નો વેચાણ દસ્તાવેજ.

આ વેચાણ દસ્તાવેજ આજ રોજ શહેર કડી મધ્યે તારીખ:– ....
માહે : .... સને ૨૦૧૯ ના દિને.

FOR, OM INFRASTRUCTURE

PARTNER

એકતરફવાળા

વેચાણ આપનાર :– **"ઓમ ઈન્ફ્રાસ્ટ્રકચર"** એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર

શ્રી વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલ,

ઉ.વ.આ. : પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : વેપાર,

સરનામું : તનીષ્ક–૨૧, પાંજરાપોળ સામે,

કડી–કલોલ રોડ, કડી, તા. કડી, જી. મહેસાણા.

ભાગીદારી પેઢીનો PAN : AACFO 5692 G

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો" અગર "એકતરફવાળા" અગર "વેચાણ આપનાર" એ રીતે સંબોધેલ છે. જેના અર્થમાં એકતરફવાળા સદરહું પેઢી તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેઓના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

બીજીતરફવાળા

વેચાણ લેનાર/ સભ્ય :– **શ્રી ....**

ઉ.વ.આ.: ......, ધર્મે : હિન્દુ, ધંધો : ....,

PAN : ....

Aadhaar no. ....

રહેવાસી : ....

....

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" અગર "બીજીતરફવાળા" અગર "વેચાણ લેનાર" એ રીતે સંબોધેલ છે. જેના અર્થમાં બીજીતરફવાળા વેચાણ લેનાર તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ તથા તમામ લાગતા વળગતા વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

– જત –

(૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા, સબ–ડીસ્ટ્રીકટ કડી, તાલુકો કડી મોજે કડી–કસ્બાનાં **સર્વે નં. : ૨૫૭** (જુનો સર્વે નં. ૨૫૭, ૨૫૮/૧, ૨૫૯/૧ પૈકી) **ની ૧૫૬૫૬.૫૦** સમચોરસમીટર પૈકી પશ્ચિમ દિશા તરફની

FOR. OM INFRASTRUCTURE

PARTNER

૩૫૧૬ સમચોરસમીટર બાદ કરતાં બાકી રહેતી ૧૨૧૪૦.૫૦ સમચોરસમીટર બિનખેતીની જમીન **ઓમ ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલીકીપણામાં આવેલ છે. રેવન્યુ રેકર્ડમાં અમો લખી આપનારની પેઢીનું નામ માલીક કબજેદાર તરીકે ચાલે છે. (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "મજકુર જમીન" એ રીતે સંબોધવામાં આવે છે.)

(૨) સદરહુ સર્વે નં. : ૨૫૭ની ૪૯૫૭ સમચોરસમીટર તથા સર્વે નં. : ૨૫૯/૧ પૈકીની ૩૪૭ સમચોરસમીટરની બિનખેતીની જમીન શ્રી કૃષ્ણ રાઈસ એન્ડ ઓઈલ મીલ પાસેથી વેચાણ આપનાર પેઢીએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રારશ્રી, કડીની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૫૧૨ થી તા. ૦૮–૦૩–૧૧ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નંબર : ૨૩૯૧૦ થી તા. ૨૯/૦૪/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૩) સદરહુ સર્વે નં. : ૨૫૮/૧ ની ૧૨૯૬૧ સમચોરસમીટરની બિનખેતીની જમીન શ્રી કૃષ્ણ જીનીંગ અને પ્રેસીંગ ફેકટરી પાસેથી વેચાણ આપનાર પેઢીએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રારશ્રી, કડીની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૫૧૭ થી તા. ૦૮–૦૩–૧૧ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નંબર : ૨૩૯૧૧ થી તા. ૨૯/૦૪/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે. એ રીતે સદરહું બિનખેતીની જમીન વેચાણ આપનાર **"ઓમ ઈન્ફ્રાસ્ટ્રકચર"** નામની ભાગીદારી પેઢીના સ્વતંત્ર રીતે પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટામાં આવેલી છે.

FOR, OM INFRASTRUCTURE

PARTNER

(૪) ત્યારબાદ મજકુર સર્વે નં. : ૨૫૭ ની ૪૯૫૭ સમચોરસમીટર, સર્વે નં. : ૨૫૮/૧ ની ૧૦૩૫૨.૫૦ સમચોરસમીટર (૧૨૯૬૧ સમચોરસમીટર જમીનમાંથી ૨૬૦૮.૫૦ સમચોરસમીટર ડી.પી. રોડમાં કપાત થતાં બાકી રહેતી ૧૦૩૫૨.૫૦ સમચોરસમીટર) તથા ૨૫૯/૧ પૈકી ૩૪૭

સમચોરસમીટર એમ મળી કુલ ૧૫૬૫૬.૫૦ સમચોરસમીટર એકત્ર કરવાની અરજી કરતાં કડીના મે. મામલતદારશ્રીનાઓએ હુકમ નં. જમીન/વશી/૧૩૬૬/૧૫ તા. ૧૭/૦૬/૨૦૧૫ થી મજકુર જમીન એકત્ર કરી નવો એકત્રિત સર્વે નં. ૨૫૭ ની ૧૫૬૫૬.૫૦ સમચોરસમીટર જમીન એકત્રિત કરવાનો હુકમ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નંબર : ૨૪૭૩૬ થી તા. ૧૮/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૫) મજકુર સર્વે નં. : ૨૫૭ની કુલ ૧૫૬૫૬.૫૦ સમચોરસમીટર પૈકી ૧૨૧૪૦.૫૦ સમચોરસમીટર જમીનને રહેણાંક/ફ્લેટ તથા રીટેઈલ શોપના હેતુ માટે બીનખેતીના ઉપયોગની પરવાનગી મે. કલેકટરશ્રી, મહેસાણાનાએ તારીખ : ૦૩–૮–૨૦૧૬ ના રોજ હુકમ નંબર : એલએનડી/એનએપી/રીવા/એસઆર/૧૦/૨૦૧૫–૧૬ થી આપેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૬ માં ફેરફાર નોંધ નંબર : ૩૨૯૧૮ થી તા. ૨૨/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૬) મજકુર જમીન ઉપર એકતરફવાળાએ બ્લોક નંબર : એ થી એલ (૧૮૧ ફ્લેટ તથા ૯ દુકાનો) ના બાંધકામ અંગેના પ્લાન મંજુર કરાવેલ અને તે બાંધકામની વપરાશની પરવાનગી તા.૧૨–૪–૨૦૧૭ ના રોજ કડી નગર પાલિકા દ્વારા આપવામાં આવેલ છે. ત્યારબાદ મજકુર જમીન ઉપર વાણીજયના હેતુ માટેના યુનીટોના બાંધકામ સારું કડી નગરપાલિકા ધ્વારા વિકાસ પરવાનગી નં. : ૪૦ તા. ૨૨/૦૨/૨૦૧૯ ના રોજ બાંધકામ પરવાનગી મંજુર કરવામાં આવેલ છે. અને રહેણાંકના હેતુ માટેના યુનીટોના બાંધકામ સારું કડી નગરપાલિકા ધ્વારા વિકાસ પરવાનગી નં. : ૬૦ તા. ૨૬/૦૩/૨૦૧૯ ના રોજ બાંધકામ પરવાનગી મંજુર કરવામાં આવેલ છે. એ રીતે વેચાણ આપનાર પેઢીએ જાતે જ મજકુર જમીન ઉપર **"તનીષ્ક–૨૧"** નામની રહેણાંકના ફ્લેટો તેમજ દુકાનની સ્કીમ (જેને હવે પછી આ બાનાખતના કરારમાં મજકુર સ્કીમ એ રીતે

FOR, OM INFRASTRUCTURE
PARTNER

305

સંબોધવામાં આવેલ છે.) મુકેલ છે. અને મંજુર થયેલા પ્લાન અનુસાર મજકુર જમીન ઉપર ફલેટ તથા દુકાનોનું બાંધકામ કરેલ છે. અને મજકુર સ્કીમમાં વેચાણ લેનારાઓને સ્કીમનાં ફલેટોનું તથા દુકાનોનુ વેચાણ કરવાનું નકકી કરેલ છે.

(૭) વેચાણ આપનારાએ સદરહુ યોજનાની નોંધણી ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની જોગવાઈને આધીન રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી સમક્ષ રજીટ્રેશન નંબર : .... થી તારીખ .... ના રોજ નોંધવામાં આવેલ છે.

(૮) વેચાણ લેનારએ વેચાણ આપનારની સદરહું સ્કીમની સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લીધેલ છે અને સદરહું સ્કીમનાં બાંધકામની ગુણવત્તા અને વેચાણ આપનારના પ્રતિનીધી સાથે મજકુર જમીન તથા આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવેલ મજકુર મિલકત પરત્વેના રાઈટ ટાઈટલ્સ કલીયર અંગે કાયદાના જાણકાર વ્યકિત મારફતે તપાસ કરાવેલ છે. અને મજકુર સ્કીમના બાંધકામના એન.એ. ઓર્ડર, પ્લાન, વિકાસ પરવાનગી/રજા ચિઠ્ઠી, તેમજ યુનિટોના ક્ષેત્રફળ વિગેરેની જાણકારી વેચાણ આપનાર પેઢીના પ્રતિનીધી દ્વારા વેચાણ લેનારને બતાવવા અને સમજાવવામાં આવેલ છે. ઉપરાંત મજકુર સ્કીમના કોમન ફેસીલીટીઝ સંબંધી વીજળી, પાણી, ગટર, લીફટ, પાર્કીગ વિગેરેની કોમન સુવિધાઓ બાબતે તથા સદરહું સમગ્ર સ્કીમમાં વાપરવામાં આવનાર માલ મટીરીયલ્સ જેવા કે સીમેન્ટ, ઈંટો, લોખંડ, ગ્રીટ, કપચી, હાર્ડવેર, રેતી વિગેરે અંગેની સંપૂર્ણ માહીતી તથા યુનિટના માપ તથા તેના હિસ્સાના વણવહેંચાયેલ હિસ્સાની જમીન તથા કોમન ફેસેલીટીના બાંધકામ તથા તે પ્રમાણે સદરહું સ્કીમમાં આવેલ યુનિટની કુલ કિંમતની ચુકવણી અંગેની સમય મર્યાદા અંગેની સંપૂર્ણ માહીતી પણ વેચાણ આપનાર પ્રતિનિધી દ્વારા વેચાણ લેનાર (મેમ્બર) ને આપવામાં તથા સમજાવવામાં આવેલ છે અને તે રીતે વેચાણ લેનારએ સદરહુ વેચાણ આપનાર દ્વારા બાંધવામાં આવેલ મજકુર સ્કીમના તમામ નિતી–

FOR, OM INFRASTRUCTURE
PARTNER

નિયમો પાળવાની રાજીખુશી અને સ્વેચ્છાથી સ્વીકારીને મજકુર સ્કીમમાં બાંધવામાં આવેલ ફેઝ–૨ ના બ્લોક "**......**" ના .... માળ ઉપર આવેલ ફ્લેટ નંબર : .... જેનું કાર્પેટ એરીયા મુજબ ક્ષેત્રફળ .... સ. ચો. મીટર તથા .... સમચોરસમીટરના બાલ્કની તથા .... સમચોરસમીટર વોશ એરીયા એમ મળી કુલ .... સમચોરસમીટર બાંધકામવાળી મિલકત (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહું મિલકત" અગર "મજકુર મિલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે) જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે તે મિલકત કુલ ઉચ્ચક વેચાણ કિંમત **રૂ.................**/– **(અંકે રૂપિયા .... પુરા)** માં વેચાણ લેનારે વેચાણ રાખવાનું નકકી કરેલ છે. જે સદરહુ મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપનારે વેચાણ લેનારને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ મિલકતની વેચાણ કિંમતમાં જી.એસ.ટીની રકમનો સમાવેશ થયેલ નથી. વેચાણ કિંમત ઉપર કેન્દ્ર કે રાજય સરકારના વખતો વખતના જી. એસ. ટીના જે વેરા નક્કી થાય તે મુજબની રકમ વેચાણ લેનારે અલગથી ચુકવવાની છે અને રહેશે. જે વેચાણ લેનારને કબુલ મંજુર અને બંધનકર્તા છે. જે અંગેનો બાનાખતનો કરાર તા. .... ના રોજ અનુક્રમ નંબર .... થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે.

"હવે વેચાણ આપનાર વેચાણ લેનારની તરફેણમાં સદરહું મિલકતનો નીચે મુજબનો આ વેચાણ દસ્તાવેજ કરી આપે છે"

(૧) સદરહું મિલકત જેનું વિગતવાર વર્ણન નીચે પરીશિષ્ટમાં આપવામાં આવેલ છે તે સદરહું મિલકત વેચાણ આપનારએ વેચાણ લેનારને કુલ ઉચ્ચક વેચાણ કિંમત **રૂ.................**/– **(અંકે રૂપિયા .... પુરા)** માં વેચાણ કરેલ છે. જે પુરેપુરી રકમ વેચાણ લેનારએ નીચેની વિગત મુજબ ચુકવી આપી છે.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

<u>અવેજની વિગત</u>

રકમ	વિગત
રૂ................./–	રૂપીયા .... પુરા .... બેન્ક, ... શાખાના ચેક નં. .... થી તા. :

305

	.... ના રોજ ચુકવી આપ્યા તે.
કુલ રૂા. ..../–	**અંકે કુલ રૂપીયા .... પુરા**

(૨) એ રીતે વેચાણનો કુલ અવેજ વેચાણ આપનારને ઉપર દર્શાવ્યા મુજબ મળેલ જેની પહોંચ વેચાણ લેનારે વેચાણ આપનાર પાસેથી સ્વીકારે છે અને મજકુર મિલકતના વેચાણ અવેજ આપવાની જવાબદારીમાંથી વેચાણ લેનારને મુકત કરે છે. વધુમાં વેચાણ લેનારે વેચાણ આપનારને ઉપરોકત દર્શાવેલ રકમ સિવાય અન્ય કોઈપણ વધારાની રકમ ચુકવેલ નથી જે વેચાણ લેનાર જાહેર કરે છે.

(૩) વેચાણ આપનારને ઉપર જણાવ્યા મુજબ કુલ અવેજની પુરેપુરી રકમ મળી ગઈ છે અને વેચાણ આપનારએ પરિશિષ્ટ વાળી સદરહું મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વેચાણ લેનારને કડી વિસ્તાર સત્તા મંડળ, કડી નગરપાલિકા દ્વારા મજકુર મિલકતના વપરાશની પરવાનગી આવ્યેથી સુપ્રત કરવામાં આવશે જે વેચાણ લેનારને કબુલ મંજુર છે.

(૪) વેચાણ આપનારએ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત તથા તેનાં દરેક પ્રકારનાં હક્ક, હિત, અલાખા, ઉપયોગ ઈત્યાદી સહીત વેચાણ લેનારને વેચાણ આપેલ છે તે રીતે હવેથી નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત વેચાણ લેનારને કે વેચાણ લેનારનાં વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામ ચાંદો સુરજ તપે ત્યાં સુધી, સુખેથી ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે યા ગીરો આપે કે તેમનું દિલ ચાહે તેમ કરે તથા સદરહું પરિશિષ્ટ વાળી મિલકતના કર, વેરા, સેસ વિગેરે ભરવાની જવાબદારી વેચાણ લેનારની છે તેવી જ રીતે સદરહું મિલકત પરત્વેનાં અન્ય કોઈ સરકારી, અર્ધસરકારી કે અન્ય સ્થાનિક સંસ્થાનાં આજદિન સુધીનાં ટેક્ષ, વેરા, સેસ વિગેરે બાકી હોય કે નિકળે તો વેચાણ લેનારે ભરવાનાં છે તથા આપવાનાં છે.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

(૫) આથી વેચાણ આપનારએ વેચાણ લેનારને બાંહેધરી આપે છે કે વેચાણ આપનારએ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત તબદિલી યાને એસાઈન કરવાનો અને વેચાણ આપવાનો પુરેપુરો હક્ક, અધિકાર છે હવે પછીથી વેચાણ લેનાર આ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત સુખેથી ભોગવે, વશે,

વસાવે, વેચે સાટે યા ગીરો આપે કે તેમનું દિલ ચાહે તેમ કરવા હક્કદાર છે. તેમજ વેચાણ લેનાર કે વેચાણ લેનારનાં વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામ હંમેશ માટે કબજે રાખે તેનો ઉપયોગ કરે તેમાં હવે પછીથી અમો વેચાણ આપનાર કોઈનાં કોઈપણ પ્રકારનાં સદરહું મિલકત બાબતેનાં હક્ક, હિત કે સબંધ હોય તો તે આ લેખથી રદ થાય છે.

(૬) વધુમાં વેચાણ આપનાર વેચાણ લેનારને આથી ખાત્રી અને બાંહેધરી આપે છે કે પરિશિષ્ટવાળી સદરહું મિલકત ઉપર કે તે પરત્વે વેચાણ આપનારની કોઈપણ પ્રકારની લોન કે ધિરાણની રકમ કે વ્યાજની કોઈપણ રકમ બાકી નથી તથા સદરહું મિલકત ઉપર કોઈપણ બોજો નથી તેવી જ રીતે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકતમાં પોષાતા અનુક્રમે ભોગવટાનાં હક્કો તથા માલિકી હક્કો વેચાણ આપનારએ બીજા કોઈને વેચાણ, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારે લખી આપેલ કે વેચાણ આપેલ નથી તેમજ તેનાં ઉપર કે પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો ગીરો, બોજો, ચાર્જ કે લીયન કે ખોરાકી, પોષાકી, રહેઠાણ કે બીજા કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો કે દાવો, અલાખો કે લાગ–ભાગ ઉપસ્થિત કરેલ નથી તેમજ તેનાં ઉપર કોઈની ટાંચ, જપ્તી કે અવલ જપ્તી કે કોર્ટનું હુકમનામું નથી તેમજ અમો વેચાણ આપનાર ઉપર સદરહું મિલકતનાં વેચાણ પરત્વે કોઈપણ કોર્ટનો હુકમ નથી તેમજ સદરહું મિલકત અંગે અમોએ કોઈ ટ્રસ્ટ કરેલ નથી કે કોઈપણ સોલવંશી કઢાવેલ નથી તેમજ સદરહું મિલકત જામીનગીરીમાં મુકી કોઈનાં જામીન થયા નથી. વધુમાં સદરહું મિલકત અંગે કે પરત્વે જમીન પ્રાપ્તિધારાની કે અન્ય કોઈપણ ધારા હેઠળ નોટીસ નિકળી નથી કે બજી નથી અને વેચાણ આપનારએ વેચાણ લેનારને કરેલ મજકુર મિલકતના વેચાણ સિવાય અન્ય કોઈપણને વેચાણ, ગીરો, બક્ષીસ વગેરે તબદિલી અંગેનો કોઈપણ દસ્તાવેજ કરી આપેલ નથી. સદરહું મિલકતના ટાઈટલ્સ ચોખ્ખા, માર્કેટેબલ તથા બોજા રહિત છે તેની આથી અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને ખાત્રી આપીએ છીએ.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

(૭) મોજે કડી–કસ્બાનાં **સર્વે નં. : ૨૫૭** (જુનો સર્વે નં. ૨૫૭, ૨૫૮/૧, ૨૫૯/૧ પૈકી) **ની ૧૫૬૫૬.૫૦** સમચોરસમીટર જમીન એકતરફવાળાની માલીકી કબજા ભોગવટામાં આવેલ છે તે પૈકી એકતરફવાળાએ૧૨૧૪૦.૫૦

380

સમચોરસમીટર બિનખેતીની જમીન ઉપર તનીષ્ક ૨૧ નામની રહેણાંક તથા વાણિજય હેતુના યુનિટોની સ્કીમ મુકેલ છે. જેમાં બ્લોક નંબર : એ થી ઓ ના પ્લાન કડી નગર પાલિકામાં મંજુર કરાવેલ છે અને બ્લોક નંબર : એ થી એલ નું બાંધકામ કરી તેના વપરાશ અંગેની પરવાનગી પણ મેળવી લેવામાં આવેલ છે. જયારે બ્લોક નંબર : એમ, એન તથા ઓ નું બાંધકામ હાલમાં ચાલુ છે. વધુમાં મોજે કડી–કસ્બાનાં **સર્વે નં. : ૨૫૭** (જુનો સર્વે નં. ૨૫૭, ૨૫૮/૧, ૨૫૯/૧ પૈકી) **ની ૧૫૬૫૬.૫૦** સમચોરસમીટર જમીન પૈકી ૧૨૧૪૦.૫૦ સમચોરસમીટર બિનખેતીની જમીન બાદ કરતાં બાકી રહેતી પશ્ચિમ દિશા તરફની ૩૫૧૬ સમચોરસમીટર જમીન એકતરફવાળાની માલીકી કબજા ભોગવટામાં આવેલી છે અને તે જમીનમાં અમો બીજીતરફવાળાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો સદરહુ કરારથી મળવાપાત્ર રહેતો નથી અને એકતરફવાળા તે જમીનને અન્ય કોઈ પણ વ્યકિત, પેઢીને વેચાણ કરી શકશે જે બાબતથી અમો બીજીતરફવાળાને એકતરફવાળાએ માહિતગાર કરેલ છે. જેથી અમો બીજીતરફવાળાએ તે બાબતે કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર લેવાનો રહેશે નહી. જેની અમો બાંહેધરી આપીએ છીએ.

(૮) વધુમાં વેચાણ લેનારે સદરહું મિલકત નીચે જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું જાહેર કરે છે તથા તે બાંહેધરીનાં આધારે વેચાણ આપનારએ સદરહું મિલકતનો આ વેચાણ દસ્તાવેજ વેચાણ લેનારની તરફેણમાં નીચેની શરતોને આધિન કરી આપેલ છે જે વેચાણ લેનાર તથા વેચાણ લેનારનાં વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તથા સદરહું મિલકત આ નિતી નિયમોને આધિન રહી વાપરવા હક્કદાર છે :

એઃ સદરહું સ્કીમનાં કોઈપણ સભ્યોને સદરહું મિલકતનાં નંબરમાં કોઈપણ ફેરફાર કરવા દેવામાં આવશે નહીં તેમજ કરી શકશે પણ નહીં.

બીઃ સદરહું સ્કીમમાં જણાવ્યા મુજબનાં સ્પેશીફીકેશન પ્રમાણે કામ કરવામાં આવેલ છે તેમજ સદરહું મિલકત કે સદરહું સ્કીમનાં સ્પેશીફીકેશનમાં કે બાંધકામમાં વેચાણ લેનાર કોઈપણ વખત કોઈપણ ફેરફાર કરવા હક્કદાર નથી.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

સીઃ વેચાણ લેનાર જાહેર કરે છે કે સદરહું મિલકતનાં સ્પેશીફીકેશન, સદરહું મિલકતનો એરીયા/ક્ષેત્રફળ, બાંધકામની ગુણવત્તા, પ્લાન, લોકેશન, કાયદાકીય કાગળો વિગેરે તમામ વિગતો તેમણે તેમનાં અનુભવી અને જાણકાર કાયદેસરનાં સલાહકારો પાસે વખતો વખત બરોબર જોઈ તપાસ કરાવેલ છે અને સંતોષ પામેલ છે અને ત્યારબાદ સદરહું મિલકતની ખરીદ કિંમત ચુકવી ખરીદી અંગેનો આ દસ્તાવેજ કરવા બાબતે વેચાણ આપનાર ને જાણ કરેલ છે.

ડીઃ વધુમાં વેચાણ લેનારે પોતાનાં વાહનો મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ પાર્કિંગની જગ્યા સિવાયની અન્ય કોઈપણ ખુલ્લી કે માર્જીનની કે અન્ય કોઈ જગ્યામાં પાર્કિંગ કરી શકશે નહીં.

ઈઃ વેચાણ આપનાર દ્વારા મજકુર જમીન ઉપર રહેણાંક હેતુના ફ્લેટ તેમજ વાણિજય હેતુની દુકાનોની યોજના મુકવામાં આવેલ છે. તેની જાણ વેચાણ લેનારને વેચાણ આપનાર દ્વારા કરવામાં આવેલ છે. તેથી મજુકર યોજનામાં આપવામાં આવેલ કોમન સુવિધા સ્કીમની સગવડો તથા સઉલતો વેચાણ લેનારે સદરહુ સ્કીમનાં અન્ય સભ્યો સાથે મળી ઉપયોગ તથા ઉપભોગ કરવાનો રહેશે તથા તે બાબતે કોઈપણ તકરાર કે ફેરફાર કરવા હક્કદાર નથી.

એફઃ વેચાણ લેનારે સદરહુ સ્કીમની કોમન સુવિધાવાળી જગ્યામાં કોઈપણ જાતનું બાંધકામ કે અન્ય રીતે અડચણ કે અગવડ ઉભી થાય તેવું કૃત્ય કરશે નહીં તેમજ તેવી મિલકતમાં ગેરકાયદેસર કબજો કે દબાણ કરશે નહીં.

જીઃ વેચાણ લેનારે સદરહું મિલકત તથા કોમન સુવિધાઓ તથા કોમન પેસેજમાં ગંદકી કે ગંદવાડ થાય તેવું કૃત્ય કરશે કે કરાવશે નહીં.

એચઃ વેચાણ લેનારે સદરહું મિલકતની દિવાલોમાં એવું કૃત્ય કે કાર્ય કરશે નહીં જેને કારણે દિવાલનું બાંધકામ નબળુ પડે અથવા દિવાલોને કે કોમન દિવાલને નુકશાન થાય તથા ભોંયતળીયા કે ખુલ્લી જગ્યા કે માર્જીનની જગ્યામાં કોઈપણ પ્રકારનું ખોદકામ કે બાંધકામ કરશે નહીં જેનાથી હયાત

FOR, OM INFRASTRUCTURE
PARTNER

૩૪૯

ગટર લાઈન, ઈલેકટ્રીક લાઈન, પાણીની લાઈન કે તે સ્કીમ અંગેની કોઈપણ હયાત લાઈનો તથા વ્યવસ્થામાં કોઈ નુકશાન થાય અને જો આવુ કોઈપણ કૃત્ય વેચાણ લેનાર કરશે તો તે ગેરકાનુની ગણાશે તથા તે બાબતેની તથા તે બાબતેનાં નુકશાનની સંપૂર્ણ કાયદાકીય તથા આર્થિક જવાબદારી વેચાણ લેનારની છે અને રહેશે.

આઈઃ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ સદરહું યોજનાના બિલ્ડીંગમાં કોઈપણ પ્રકારની માળખાકીય ખામી વેચાણ આપનાર દ્વારા વેચાણ લેનારને મજકુર મિલકતનો કબજો સોંપવામાં આવે તે તારીખથી પાંચ વર્ષની અંદર બીજીતરફવાળા ધ્વારા એકતરફવાળાની લેખિતમાં જાણ ઉપર લાવવામાં આવશે તો એકતરફવાળાએ તેવી માળખાકીય ખામી કોઈપણ પ્રકારનો વધારાનો અવેજ લીધા સિવાય દુર કરી આપવાની રહેશે. અને એકતરફવાળા જો આવી ખામી દુર કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં બીજીતરફવાળા રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ વળતર મેળવવા હક્કદાર બનશે. વધુમાં તમો વેચાણ લેનાર જાણો છો કે વેચાણ લેનાર દ્વારા ફલોરીંગ પર આવેલ ટાઈલ્સ ધોવા માટે એસીડનો વધારે પડતો ઉપયોગ, વોશીંગ મશીનની ધ્રુજારી, ગરમ તથા સખત પાણી, રફ ઉપયોગ તથા દિવાલોમાં તોડફોડ વિગેરે કારણસર ઉપરા ઉપરી બાંધેલા યુનીટનાં બિલ્ડીંગમાં સંડાસ, બાથરૂમ, વિગેરેની જગ્યામાંથી પાણી ચુવે છે અને તે નીચે કે પડોશની જગ્યામાં જાય છે. તેનાથી નુકશાન થવાનો સંભવ છે. પાણી જે સહેલાઈથી છટકે અને વહે તેવો પ્રવાહી પદાર્થ છે જેથી આવું લીકેજ બાંધકામની ગુણવત્તા સિવાય પણ સંભવી શકે છે જેથી વેચાણ લેનારે ફલોરીંગ પર આવેલ ટાઈલ્સ ધોવા માટે એસીડનો, વોશીંગ મશીનની ધ્રુજારી, ગરમ તથા સખત પાણીનો રફ વધારે પડતો ઉપયોગ કરવો નહી.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

જેઃ સદરહુ મિલકતના બારી–બારણા લાકડા, લોખંડ તથા એલ્યુમીનીયમથી બનાવેલા છે. લાકડું ચોમાસાના ભેજને કારણે ફુલે છે. તે બાબત કુદરતી અને સામાન્ય છે. તેવે વખતે બારણાં વાખતાં તકલીફ થાય તે પણ

સ્વાભાવિક છે. તે ચોમાસામાં બગડે તેવો સંભવ છે. આમ તેવી તકલીફ બાબતે તમો વેચાણ લેનારે ભવિષ્યમાં કોઈ ફરીયાદ વેચાણ આપનારા સામે કરવાની નથી. વેચાણ આપનારા તે માટે જવાબદાર બનશે નહિં. તેમાં તમો વેચાણ લેનારની સંમતી છે.

કે: વેચાણ લેનારે સદરહું મિલકતમાં કોઈપણ પ્રકારનો સ્ફોટક વસ્તુ/પદાર્થ કે ગેરકાયદેસર ઠરેલી વસ્તુ/પદાર્થ રાખી શકશે નહીં.

એલ: વેચાણ લેનારે સદરહું મિલકતનો ઉપયોગ કાયદાની મર્યાદામાં રહીને ખાલી રહેણાંકના હેતુ પુરતો જ કરી શકશે અને ધંધાકીય કે વેપારી પ્રવૃતી માટે ઉપયોગ કરી શકશે નહીં.

એમ: વિશેષમાં આ દસ્તાવેજ થયા બાદ અથવા કબજો મેળવી લીધા બાદ કુદરતી આપતીઓ જેવી કે આગ, અતિવૃષ્ટિ, સાયકલોન કે ધરતીકંપ અન્યથા તેવા કોઈપણ પ્રકારે કે કારણોસર સદરહું મિલકત કે સ્કીમને નુકશાન થવા પામશે અને અગર કોઈપણ પ્રકારની જાનહાની થશે કે થવા પામશે તો તેની કોઈપણ જવાબદારી વેચાણ આપનારની રહેશે નહીં અને થયેલ નુકશાન વેચાણ લેનારે ભોગવવાનું રહેશે અને આ બાબતે વેચાણ લેનાર કોઈપણ પ્રકારનો વાદ કે વિવાદ દાવો કરશે નહીં તેની આથી વેચાણ લેનાર વેચાણ આપનારાને બાંહેધરી આપે છે.

એન: વેચાણ લેનારે સદરહું મિલકત અંગેનો કબજો મેળવ્યા બાદ કડી મ્યુનિસિપાલટી, યુ.જી.વી.સી.એલ/જી.ઈ.બી., રેવન્યુ રેકોર્ડ કે અન્ય સ્થાનિક સંસ્થામાં વેચાણ લેનારના ખર્ચે અને જોખમે તેઓનુ નામ દાખલ કરવાનુ રહેશે. તથા સદરહું મીલકતને લગતા કરવેરા, સેસ, જી.એસ.ટી, ટેકસ વિગેરે સમયસર ભરપાઈ કરી આપશે. તથા તેમાં થતા વખતો વખતના ફેરફાર પ્રમાણે ભરવા બાંહેધરી આપે છે.

ઓ: વેચાણ લેનાર કે અન્ય યુનીટ ધારકો કોઈપણ સમયે ભવિષ્યમાં સ્કીમનું નામ **“ તનીષ્ક ૨૧”** એ નામ બદલી શકશે નહીં.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

312

પી : સદરહું મિલકત બાબતે સરકારશ્રી દ્વારા જે કોઈપણ પ્રકારનાં ટેક્ષ/વેરા આજરોજ બાદ ભવિષ્યમાં વસુલ કરવામાં આવે તે તમામ ભરપાઈ કરવાની સંપૂર્ણ કાયદાકીય તથા આર્થિક જવાબદારી વેચાણ લેનારની છે અને રહેશે અને તેની રકમ અલગથી આપવાની રહેશે તથા આવા કોઈપણ ટેક્ષ કે વેરા વેચાણ આપનારા ભરપાઈ કરવા જવાબદાર રહેશે નહીં.

કયુઃ સદરહું યોજનાની તમામ સહીયારી જમીન તથા તમામ પ્રકારની કોમન સગવડોનાં નિભાવ, વહીવટ તથા મેઈન્ટેનન્સ અંગે ભવિષ્યમાં સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવશે અને તમો વેચાણ લેનાર તથા સદર યોજનાનાં અન્ય તમામ સભાસદોએ સદરહું રજીસ્ટર્ડ થનાર સર્વિસ સોસાયટીમાં ફરજીયાત સભ્ય તરીકે દાખલ થવાનું રહેશે તેમજ સદર સર્વિસ સોસાયટીનાં કાયદા, પેટાકાયદા, નિયમો અને પેટા નિયમો તથા વખતો વખતનાં ઠરાવો તથા જે કોઈ લખાણો કે કરારો કર્યા હોય અગર ભવિષ્યમાં કરે કરાવે તો તે તથા સર્વિસ સોસાયટીનાં તમામ કાયદા અને નિયમો તથા ઠરાવોનું તમો વેચાણ લેનારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદરહુ સ્કીમમાં આવેલ કોમન સુવિધા તથા વણ વહેંચાયેલ જમીન સદરહુ રચવામાં આવનાર સોસાયટીની તરફેણમાં કરવા સારૂ જે કોઈ લખાણો એકતરફવાળા અને સદરહું રચવામાં આવનાર સર્વિસ સોસાયટીની વચ્ચે કરવા પડે તેવા લખાણો એકતરફવાળાએ કરી આપવાના રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ સદરહું રચવામાં આવનાર સોસાયટી તથા તેના સભ્યોએ ભોગવવાનો છે અને રહેશે. તેમજ સદરહું સ્કીમમાં આવેલ કોમન એમેનીટીઝ, ફેસેલીટીઝ વિગેરે તમામ મિલકતો, ચીજવસ્તુઓની લાંબા સમય સુધી યોગ્ય જાળવણી તથા દેખરેખ અર્થે જે કોમન ખર્ચ લેવાનો સોસાયટીના વખતો વખત નકકી થાય તે મુજબ સોસાયટીમાં વેચાણ લેનારે જમા કરાવશે તેની બાંહેધરી આપે છે. જે આ દસ્તાવેજની મહત્વની શરત છે.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

આર. પ્રમોટર આથી એવી સ્પષ્ટતા તેમજ જાહેર કરે છે કે સદરહુ યોજનામાં કરવામાં આવેલ બાંધકામની બી.યુ. પરમીશન (વસવાટનું પ્રમાણપત્ર) મળ્યેથી સદરહુ યોજનામાં વધેલી એફ.એસ.આઈ. તથા

ભવિષ્યમાં મળવાપાત્ર કોઈપણ એફ.એસ.આઈમાં અમો પ્રમોટરના કોઈ હકક કે હિસ્સો રહેતો નથી. અને આથી સદરહુ યોજનામાં ભવિષ્યમાં જે કોઈ એફ.એસ.આઈ મળવાપાત્ર થાય તો તેવી એફ.એસ.આઈના હકકદાર તમો એશોસિએશન ઓફ એલોટીની એટલે કે સોસાયટીની રહેશે.

(૯) કડી નગર પાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબ મજકુર સ્કીમના બ્લોક ઓ માં આવેલ ફલેટ નંબર ઓ/૬૦૧ ની ઉપર આવેલ ખુલ્લી જગ્યાનો કાયમી વપરાશનો હક્ક કોઈપણ પ્રકારનો અવેજ લીધા સિવાય ફકત વપરાશ માટે ફલેટ નંબર ઓ/૭૦૨ ના વેચાણ લેનારને આપવામાં આવેલ છે. ફલેટ નંબર ઓ/૬૦૪ ની ઉપર આવેલ ખુલ્લી જગ્યાનો કાયમી વપરાશનો હક્ક કોઈપણ પ્રકારનો અવેજ લીધા સિવાય ફકત વપરાશ માટે ફલેટ નંબર ઓ/૭૦૩ ના વેચાણ લેનારને આપવામાં આવેલ છે અથવા આપવામાં આવશે જે અંગેનુ ડેકલેરશન મે. સબરજીસ્ટ્રાર સાહેબશ્રી કડીની કચેરીમાં અનુક્રમ નંબર .... થી તા. .... ના રોજ નોંધાયેલ છે જે અંગેની જાણ એકતરફવાળા ધ્વારા બીજીતરફવાળા મેમ્બર્સને કરવામાં આવેલ છે.

(૧૦) આ દસ્તાવેજના પક્ષકારો વચ્ચે જો કોઈ વાદ–વિવાદ ઉપસ્થિત થાય તો તે વાદ–વિવાદનો ઉકેલ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની વખતો વખત લાગુ પડતી જોગવાઈ મુજબ લાવવાનો રહેશે.

(૧૧) આ દસ્તાવેજની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનુ નકકી કરવામા આવે તો આવી જોગવાઈઓ આ દસ્તાવેજના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ દસ્તાવેજની બાકીની જોગવાઈઓ આ દસ્તાવેજના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

FOR, OM INFRASTRUCTURE
PARTNER

૩૯૩

(૧૨) આ વેચાણ દસ્તાવેજ તથા વેચાણનાં વ્યવહાર પૂર્ણ કરવા બાબતેનાં આ દસ્તાવેજ અંગેનો ખર્ચ જેવુ કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, લખામણી તથા વકીલ ફી, કોમ્પુટર કે ટાઈપીંગ વગેરે તમામ ખર્ચ વેચાણ લેનારે ભોગવવાનો છે.

(૧૩) વેચાણ લેનારે સદરહું મિલકત ખરીદતા પહેલા સદરહું સમગ્ર જમીન તથા સદરહું મિલકતના ટાઈટલ જોઈ તપાસી લીધેલ છે અને તે બાબતેનાં ટાઈટલનો સંતોષ લીધા બાદ તેમણે સદરહું મિલકત ખરીદ કરવાનું નકકી કરેલ તથા આ દસ્તાવેજ વેચાણ લેનારે પોતાની તરફેણમાં કરાવેલ છે અને તે આધારે હવે સદરહું સમગ્ર જમીન તથા સદરહું સ્કીમ કે સદરહું મિલકતનાં ટાઈટલ બાબતે વેચાણ લેનાર કોઈ જ વાંધો કે તકરાર ઉભો કરશે નહીં તેવી સ્પષ્ટ સમજણ સાથે વેચાણ લેનાર સદરહું મિલકતનો આ દસ્તાવેજ વેચાણ આપનાર પાસેથી કરાવેલ છે.

–: પરિશિષ્ટ :–

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા, સબ–ડીસ્ટ્રીકટ કડી, તાલુકો કડી મોજે કડી–કસ્બાનાં **સર્વે નં. : ૨૫૭** (જુનો સર્વે નં. ૨૫૭, ૨૫૮/૧, ૨૫૯/૧ પૈકી) **ની ૧૫૬૫૬.૫૦** સમચોરસમીટર પૈકી પશ્ચિમ દિશા તરફની ૩૫૧૬ સમચોરસમીટર બાદ કરતાં બાકી રહેતી ૧૨૧૪૦.૫૦ સમચોરસમીટર બિનખેતીની જમીન ઉપર આવેલ **"તનીષ્ક ૨૧"** નામની સ્કીમમાં બાંધવામાં આવેલ ફેઝ–૨ ના બ્લોક "**......**" ના .... માળ ઉપર આવેલ ફલેટ નંબર : .... જેનું કાર્પેટ એરીયા મુજબ ક્ષેત્રફળ .... સ. ચો. મીટર તથા .... સમચોરસમીટરના બાલ્કની તથા .... સમચોરસમીટર વોશ એરીયા એમ મળી કુલ .... સમચોરસમીટર બાંધકામવાળી મિલકત તથા સદરહું સ્કીમની જમીનમાંથી મજકુર મિલકતના વરાડે આવતી વગર વહેંચાયેલ હિસ્સાની .... સમચોરસમીટર જમીન તથા સદરહું યોજનામાં આવેલ કોમન સુવિધાઓના વણ વહેચાયેલ વપરાશના હક્કો સહિતની મિલકત. જેના ખૂંટચારની વિગત નીચે મુજબ છે.

પૂર્વે : ....

પશ્ચિમે : ....

FOR, OM INFRASTRUCTURE
PARTNER

ઉતરે : ....

દક્ષીણે : ....

એ રીતેનો આ વેચાણ દસ્તાવેજ આપણે બંને પક્ષકારોએ રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી વાંચી, વંચાવી, સમજી, વિચારી કોઈના કોઈપણ જાતના દાબ–દબાણમાં આવ્યા સિવાય સભાન અવસ્થામાં કરેલ છે. જે એકતરફવાળા પેઢી તથા પેઢીના વખતો વખતના ભાગીદારો, વેચાણ લેનાર તથા વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

સ્થળ : કડી   તારીખ: – – ૨૦૧૯.

અત્રે––––––––––––––મતુ   અત્રે––––––––––––––શાખ.

––––––––––––––––––––––––––

"ઓમ ઈન્ફ્રાસ્ટ્રકચર" એ નામની ભાગીદારી પેઢીના
ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર
શ્રી વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલ,
(વેચાણ આપનાર / એકતરફવાળા)

FOR, OM INFRASTRUCTURE
PARTNER

(૧)––––––––––––––– (૨) –––––––––––––––
સાક્ષી   સાક્ષી

3૯૪

રજીસ્ટ્રેશન એકટની કલમ ૩ર (એ) મુજબનું પરિશિષ્ટ

"ઓમ ઈન્ફ્રાસ્ટ્રકચર" એ નામની ભાગીદારી પેઢીના
ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર
શ્રી વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલ,
(વેચાણ આપનાર / એકતરફવાળા)

FOR, OM INFRASTRUCTURE
PARTNER

શ્રી. ....
(વેચાણ લેનાર/ બીજીતરફવાળા)